**આંક–૧૦**

| | |
|---|---|
| રજુ તારીખ | ૦૭/૦૫/૨૦૧૯ |
| દાખલ તારીખ | ૦૭/૦૫/૨૦૧૯ |
| ફેંસલ તારીખ | ૩૦/૦૭/૨૦૨૨ |
| સમયગાળો | વર્ષ :૦૩ માસ:૦૨ દિન:૨૩ |

**મે. મજુર અદાલત, અમદાવાદ ના પ્રિસાઈડિંગ ઓફિસરશ્રી એચ.કે.મેરીયા સાહેબ સમક્ષ.**

**રેફરન્સ (ટી) નં. : ૫૭૭/૨૦૧૯**

પ્રથમ પક્ષકાર : એસ.સી.કોર્પોરેશન
૯૪–૯૫, અંબીકા ઈન્ડ.એસ્ટેટ,જી.ડી.હાઈસ્કુલ
પાસે, સેજપુર બોઘા, અમદાવાદ.

**: વિ રૂ દ્ધ :**

બીજા પક્ષકાર : ગીરીશભાઈ કાંતીલાલ પરમાર
કે/ઓફ સહકાર કામદાર યુનિયન, અજીત મીલ
સામે, રખીયાલ રોડ,અમદાવાદ.

પ્રથમ પક્ષકાર તરફે : કોઈ હાજર રહેલ નથી.
બીજા પક્ષકાર તરફે : શ્રી એસ.કે.કાઝી

**–:: એ વો ર્ડ ::–**

**૧.** હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''સામાવાળા'' અને ''અરજદાર'' તરીકે સંબોધવામાં આવેલા છે.

**૨.** આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ તે સંદર્ભેનો ઔદ્યોગિક વિવાદ મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદ સમક્ષ ક્રમાંક આઈ.ડી.આર.કેસ નં.૧૫/૨૦૧૯ થી ઉત્પન્ન કરેલ હતો. તે કન્સીલેશન કાર્યવાહીમાં સમાધાન નહી થતા સદરહુ રેફરન્સ મજૂર અદાલતને અનુસૂચી સાથે ન્યાય નિર્ણય સારુ મોકલવામાં આવેલ જે અત્રેની મજૂર અદાલત દ્વારા

રેફરન્સ કેસ નોંધીને અત્રેની કોર્ટને ન્યાયીક નિર્ણય સારૂ ટ્રાન્સફર કરવામાં આવેલ છે.

૩. આ કામમાં અરજદારે આંક–૭ થી માંગણાનું નિવેદન રજુ કરેલ, જેની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર ઉપરોકત સામાવાળા સંસ્થા માં છેલ્લા ૧૧ વર્ષ ઉપરાંતથી કારીગર તરીકેના હોદ્દા ઉપર દૈનિક રૂા.૩૬૦ /– ના પગારથી નોકરીની ફરજો સંપૂર્ણ ખંત, નિષ્ઠા, પ્રમાણિકતા તેમજ જવાબદારીપૂર્વક બજાવતા હતા. અરજદારે બાકી પગાર તથા કાયદેસરના હકકોની માંગણી કરતા સંસ્થાએ કોઈપણ જાતની નોટીસ કે નોટીસ પગાર કે બેકારી વળતર તેમજ અન્ય કાયદેસરના હકકોનું વળતર ચુકવ્યા વગર તા.૧૩/૧૨/૧૮ ના રોજથી ગેરકાયદેસર, ગેરવ્યાજબી, અન્યાયી, મનસ્વી રીતે નોકરીમાંથી છુટા કરી દીધેલ છે.વધુમાં જણાવેલ છે કે અરજદારને બેકારના ખપ્પરમાં હોમી દીધેલ છે.અરજદાર બીજે નોકરી શોધવા પ્રયત્ન કરી રહેલ છે પરંતુ આજદીન સુધી તેઓને નોકરી મળેલ નથી.વધુમાં અરજદારે માંગણાના નિવેદનના પેરા–૫ મુજબની દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

૪. આ કામે સામાવાળાને ધોરણસરની નોટીસ બજેલ હોવા છતાં તેઓ હાજર નહી રહેતા અરજદાર તરફેથી આંક– ૮ થી સામાવાળા સંસ્થાનો લેખિત જવાબનો હકક બંધ કરવા સારૂ અરજી રજુ કરતાં જે મંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે અરજદાર તરફેથી આંક– ૧૦ થી સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે. ત્યારબાદ આ કામે અરજદાર તરફેથી સામાવાળાનો ઉલટતપાસનો હકકબંધ કરવા સારૂ આંક–૧૧ થી અરજી રજુ કરતા જે મંજુર કરવામાં આવેલ છે. અરજદાર તરફેથી આંક–૧૨ થી પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે. ત્યારબાદ આ કામે અરજદાર તરફેથી આંક–૧૩ થી સામાવાળાનો મૌખિક પુરાવાનો હકકબંધ કરવા સારૂ અરજી રજુ કરતા જે મંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામમાં અરજદાર તરફેથી મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે, જયારે સામાવાળા તરફે

દલીલના તબકકે પણ કોઈ હાજર નહી રહેતા તેઓની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૫.** ઉપરોકત ઔદ્યોગીક વિવાદના ન્યાયીક નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– : : મુ દ્દા ઓ : : –**

(૧) શું આ કામના અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલા છે ?

(૨) શું આ કામના અરજદાર તેઓની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવાની દાદ મેળવવા કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) અંશત: હકારમાં. અરજદાર પડેલા દિવસના પગાર પેટે ૨૫% રકમ તેમજ સળંગ નોકરી સાથે તેમની મુળ જગ્યા ઉપર પુન:સ્થાપિત થવાની દાદ મેળવવા હકકદાર બને છે.

(૩) આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**૭. મુદ્દા નં.(૧) અને (૨) :–**

આ કામે મુદ્દા નં.(૧) અને (૨) ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ, બીન જરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ બંને મુદ્દાઓ ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

આ કામે અરજદાર કોઈ પણ દાદ મેળવવા હકકદાર છે તે સાબીત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાનું અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનું

અને ત્યારબાદ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે.

આ કામમાં અરજદારના માંગણાના નિવેદનની હકીકત જોવામાં આવે તો તેઓ સામાવાળી સંસ્થામાં છેલ્લા ૧૧ વર્ષથી કારીગર તરીકેના હોદ્દા ઉપર દૈનિક રૂા.૩૬૦/- ના પગારથી નોકરીની ફરજો સંપૂર્ણ ખંત, નિષ્ઠા, પ્રમાણિકતા તેમજ જવાબદારીપૂર્વક બજાવતા હતા. અરજદારે બાકી પગાર તથા કાયદેસરના હકકોની માંગણી કરતા સંસ્થાએ કોઈપણ જાતની નોટીસ કે નોટીસ પગાર કે બેકારી વળતર તેમજ અન્ય કાયદેસરના હકકોનું વળતર ચુકવ્યા વગર તા.૧૩/૧૨/૧૮ ના રોજથી ગેરકાયદેસર, ગેરવ્યાજબી, અન્યાયી, મનસ્વી રીતે નોકરીમાંથી છુટા કરેલ હોવાનું કથન કરેલ છે.

હવે અરજદાર તરફેથી આંક-૧૦ થી સોગંદ ઉપરની સરતપાસ રજુ થયેલ હતી. આ કામે સામાવાળા તરફેથી હાજર નહીં રહેતા તેનો ઉલટતપાસનો હકક બંધ થયેલ છે અને ત્યારબાદ સામાવાળાનો પુરાવો રજુ કરવાનો હકક પણ બંધ કરવામાં આવેલ છે. આ કામે અરજદારે તેમના સોગંદનામામાં જે હકીકત જણાવેલ છે તે બીન પડકારાયેલ છે. સામાવાળાએ હાજર રહીને અરજદારની ઉલટતપાસ કરેલ નથી કે લેખીત જવાબ પણ રજૂ કરેલ નથી. આ કામે સામાવાળા તરફેથી કોઈ પુરાવો રજૂ કરીને કોઈ હકીકત પુરવાર કરવાની તસ્દી લીધેલ નથી. આ સંજોગોમાં અરજદાર સામાવાળી સંસ્થામાં કારીગર તરીકેના હોદ્દા ઉપર નોકરી કરતા હોવાની હકીકત પુરવાર થાય છે. વધુમાં તે કામગીરી જોતાં તેનો સમાવેશ આઈ.ડી.એકટ અન્વયે કલમ ૨(એસ) માં કરવામાં આવેલ કામદારની વ્યાખ્યામાં થાય છે, જેથી અરજદાર કલમ ૨(એસ) મુજબના કામદાર હોવાની હકીકત પુરવાર થાય છે.

૮. ત્યારબાદ હવે આ કામના અરજદારે આઈ.ડી. એકટની કલમ-૨૫(બી)(૧) મુજબ અતુટ રીતે સળંગ નોકરી કરેલ છે કે કેમ અથવા તો કલમ-૨૫(બી)(૨)

મુજબ નોકરીમાંથી છુટા કર્યાના અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ ઉપરાંતની સળંગ નોકરી કરેલ છે કે કેમ તે હકીકત જોવાની રહે છે.

આ કામના અરજદારના કથન મુજબ કારીગર તરીકેના હોદ્દા ઉપર કામગીરી કરતા હતાં અને તેઓને તા.૧૩/૧૨/૧૮ ના રોજ ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હતાં. જયારે સામાવાળાએ આ કામમાં કોઈ લેખીત જવાબ રજૂ કરેલ નથી એટલે કે તે હકીકતને પડકારેલ નથી કે ઈન્કાર કરેલ નથી. આમ અરજદારે જે સોગંદ ઉપરની સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તે નહી માનવાને કોઈ કારણ નથી અને તે આધારે અરજદારે તેઓને છુટા કર્યાના અગાઉ ૧૧ વર્ષ સુધી કલમ ૨૫(બી)(૧) ની જોગવાઈ મુજબ સળંગ નોકરી કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

૯. હવે અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે કે કેમ તે હકીકત જોવાની રહે છે. તે માટે આઈ.ડી. એકટની કલમ–૨૫(એફ) ની જોગવાઈઓ અત્રે નોંધવી જરૂરી છે.

**<u>૨૫(એફ) : કામદારોની છટણીની પુર્વ શરતો.</u>**

***કોઈ માલીક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી :***

*(ક) તે કામદારને છટણીનાં કારણો દર્શાવતી એક મહિનાની લેખિત નોટીસ આપવામાં આવી ન હોય અને નોટીસની મુદૃત પૂરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસને બદલે નોટીસની મુદૃત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી :*

*પરંતુ,*

*(ખ) તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક વર્ષ માટે અથવા છ મહીનાથી વધુ હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને*

*(ગ) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી,*

***કરી શકશે નહી. ''***

ઉપરોકત જોગવાઈ મુજબ અરજદારને સામાવાળાએ છટણી કરેલ છે કે કેમ તે હકીકતની ચર્ચા કરવાની રહે છે અને તે માટે છટણીની વ્યાખ્યા કલમ–૨(૦૦) માં કરેલ છે. તે નોંધવી જરૂરી બને છે.

**કલમ–૨(૦૦) 'છટણી'** એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલીકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી,

(એ) કામદારની સ્વેચ્છાપુર્વકની નિવૃત્તી અથવા

(બી) માલીક અને સબંધિત કામદાર વચ્ચેના રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃત્તી વચે પહોંચતા કામદારની નિવૃત્તી, અથવા

(બીબી) માલીક અને સબંધીત કામદાર વચ્ચેના રોજગારના કરાર પુરો થચે તાજો ન કરવાના અથવા તેમાં જણાચેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની સમાપ્તિ અથવા

(સી) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ :

**૧૦.** આ કામમાં અરજદારના કથન મુજબ સામાવાળાએ તેઓની ગેરહાજર અંગે કયારેય શો–કોઝ નોટીસ આપેલ નથી કે તેઓ વિરૂધ્ધ કોઈ ખાતાકીય તપાસ કરેલ નથી. અરજદારને મળવાપાત્ર મજુર કાયદા હેઠળના હકકો અને લાભો ની ચુકવણી કરવામાં આવતી ન હતી તેથી તમામની માંગણી અરજદારે કરતા તા.૧૩/૧૨/૨૦૧૮ ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ છે. આ કામે સામાવાળાએ હાજર રહીને અરજદારની સરતપાસની કોઈ ઉલટતપાસ કરેલ નથી કે તેમના તરફેથી સ્વતંત્ર પુરાવો રજુ કરેલ નથી. આ સંજોગોમાં અરજદારે જે કથન

કરેલ છે અને તેના સમર્થનમાં સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે, તે બીનપડકારાયેલ છે અને તે નહી માનવાને કોઈ કારણ નથી. આ સંજોગોમાં અરજદારને તા.૧૩/૧૨/૨૦૧૮ ના રોજ મૌખિક હુકમથી છુટા કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે. ત્યારે અરજદારને કલમ ૨૫(એફ) ની આજ્ઞાત્મક જોગવાઈનું પાલન કર્યા સિવાય નોકરીમાંથી છુટા કરેલ હોવાની હકીકત પુરવાર થતી હોઈ, જેથી મુદ્દા નં.(૧) નો જવાબ તે રીતે ''**હકારમાં**'' આપવામાં આવે છે.

**૧૧.** હવે અરજદારને શું દાદ મળવાપાત્ર છે તેની ચર્ચા કરવાની થાય છે. આ કામમાં અરજદાર સામાવાળાને નોકરીમાંથી છુટા કર્યાના અગાઉના છેલ્લા ૧ વર્ષથી ફરજ બજાવેલ છે. તે સંજોગોમાં તેઓએ સામાવાળી સંસ્થામાં લગભગ ૧૧ વર્ષ સળંગ કામગીરી કરેલ છે.વધુમાં અરજદાર તરફેથી રજુ થયેલ સરતપાસના સોગંદનામામાં તેઓની ઉંમર ૪૩ વર્ષ હોવાનું જણાવેલ છે. તે સંજોગોમાં અરજદાર હજુ કામ કરી શકે તેમ છે. તેમજ સામાવાળાએ હાજર રહીને કામ ઉપલબ્ધ નથી તેવું કોઈ કથન કરેલ નથી. તે સંજોગોમાં હાલના કેસમાં અરજદારને પુન:સ્થાપિત કરવાનું ન્યાયોચિત જણાય છે. વધુમાં અરજદારે ૧૧ વર્ષ સુધી સળંગ નોકરી કરેલ હોય, જેથી તેઓને સળંગ નોકરી સાથે પુન:સ્થાપિત કરવાનુ ન્યાયોચિત જણાય છે.

**૧૨.** હવે, પડેલ દિવસની ચર્ચા કરવામાં આવે તો અરજદાર તેમના સરતપાસના સોગંદનામામાં તેઓને છુટા કર્યા પછી તેઓએ બીજે નોકરી શોધવા પ્રયત્ન કરેલ, પરંતુ તેઓને નોકરી મળેલ નથી તેવું કથન કરેલ છે. આ કથન બીનપડકારચેલ છે. વધુમાં કોઈપણ વ્યકિત લાંબા સમય સુધી કોઈપણ કામકાજ વગર સતત બેકાર બેસી રહેલ હોય તેવું માની શકાય નહીં.  તે સંજોગોમાં અરજદાર અંશત: બેકાર હોવાનું પુરવાર થાય છે. તેમજ અરજદારનો છેલ્લો માસીક પગાર ધ્યાને લેતાં તેમજ તેમની ઉંમર અને હાલના પ્રોસીડીંગનો સમય ધ્યાને લેતાં અરજદારને પડેલ દિવસોના પગાર પેટે ૨૫% રકમ ચુકવવાનો હુકમ કરવાનું ન્યાયોચિત જણાય છે. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ અરજદારને પડેલ

દિવસના પગારની ૨૫% રકમ તેમજ સળંગ નોકરી સાથે તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવાનો થતો હોઈ, જેથી મુદ્દા નં.૨ નો જવાબ તે રીતે ''**અંશત: હકાર**'' માં આપવામાં આવે છે. હાલના કેસમાં ન્યાયનાં હિતમાં મુદ્દા નં.(૩) અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદારનો હાલનો રેફરન્સ કેસ અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદારને સામાવાળાઓએ તેઓને પડેલા દિવસોના ૨૫% પગાર તથા સળંગ નોકરી સાથે તેઓની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં સામાવાળાઓએ આ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં અરજદારને તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાના રહેશે. તેમજ પડેલા દિવસના પગારની રકમ પણ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં ચુકવી આપવાની રહેશે.

(૩) કેસના સંજોગો ધ્યાને લેતા હાલના રેફરન્સ ખર્ચના રૂા.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)સામાવાળાએ અરજદારને અલગથી ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૪) લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ :૩૦/૦૭/૨૦૨૨.
સ્થળ :અમદાવાદ.

(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)
**Code:GJ 01279**
પ્રમુખ અધિકારી,
મજૂર અદાલત નં.૭, અમદાવાદ.